# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું કે, સરકારની યોજનાઓ અને નીતિઓને પાયાના સ્તરે લાગુ કરવામાં સિવિલ સર્વિસીસની મુખ્ય ભૂમિકા

2) તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે... તમામ પક્ષોનો છેલ્લી ઘડીનો પ્રચાર.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળમાં રેલીમાં સંબોધન કરતાં ગોરખા મુદ્દાને ફક્ત ભાજપ જ ઉકેલી શકશે તેમ કહ્યું.

4) શ્રીલંકામાં 2019 ના ઇસ્ટર સન્ડે હુમલાના સાત વર્ષ બાદ આજે મૃતકોની યાદમાં રાષ્ટ્રવ્યાપી શ્રધ્ધાંજલી કાર્યક્રમો યોજાયા.

**5) IPL ક્રિકેટમાં, આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.** ..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# VP CIVIL SERVICE DAY

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું કે સરકારની યોજનાઓ અને નીતિઓને પાયાના સ્તરે લાગુ કરવામાં સિવિલ સર્વિસીસ મુખ્ય ભૂમિકા ભજવે છે. આજે નવી દિલ્હીમાં સિવિલ સર્વિસીસ દિવસ અંગે સંબોધન કરતા શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે રાજધાની દિલ્હીમાં યોજનાઓ બનાવી શકાય છે, પરંતુ દૂરના ગામડાઓમાં ફળદાયી પરિણામો ત્યારે જ મળે છે જ્યારે તેનો ખરા અર્થમાં અમલ થાય છે. સરદાર વલ્લભભાઈ પટેલને અખિલ ભારતીય સેવાઓના જનક ગણાવતા તેમણે કહ્યું કે સરદાર પટેલે દેશને સેવા અને એકતાની સહિયારી ભાવના હેઠળ એકત્ર કર્યો હતો. સરદાર પટેલના પગલાંએ દેશની વસાહતી ભારતથી વિકસિત ભારત સુધીની સફરને સક્ષમ બનાવી છે.

સરકારની અનેક પહેલોનો ઉલ્લેખ કરતા શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે, ભલે તે માળખાગત સુવિધા હોય, આરોગ્ય હોય કે શિક્ષણ, ભારત હવે વૈશ્વિક મંચ પર ગૌરવનું સ્થાન ધરાવે છે. કેન્દ્રીય કર્મચારી અને જાહેર ફરિયાદ રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે પોતાના સંબોધનમાં જણાવ્યું કે છેલ્લા 12 વર્ષોમાં દેશ વહીવટ કેન્દ્રિત શાસનથી નાગરિક કેન્દ્રિત શાસન તરફ આગળ વધ્યો છે.

# PREZ-CIVIL SEVICE DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે રાષ્ટ્રીય સિવિલ સેવા દિવસ નિમિત્તે તમામ સિવિલ સેવકોને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું, જવાબદાર વહીવટ અને જાહેર સંસ્થાઓને મજબૂત બનાવવામાં નાગરિક સેવકોની પ્રતિબદ્ધતા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે નવીન, દૂરંદેશી અને નાગરિક-કેન્દ્રિત નીતિઓ ઘડવાથી લઈને પાયાના સ્તરે તેના અસરકારક અમલીકરણ સુધી, જાહેર સેવકોનું કાર્ય લાખો લોકોના જીવનની ગુણવત્તા પર ઊંડી અસર કરે છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને રાષ્ટ્ર પ્રત્યે સિવિલ સેવકોના સમર્પણ અને અનુકરણીય સેવાની પ્રશંસા કરી.

પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, જાહેર સેવકોના પ્રયાસો પાયાના સ્તરથી લઈને નીતિનિર્માણ સુધી, અસંખ્ય લોકોના જીવનને પ્રભાવિત કરે છે અને દેશની પ્રગતિમાં ફાળો આપે છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે નીતિઓનો અમલ કરવા, શાસનને મજબૂત બનાવવા અને નાગરિકોની પ્રામાણિકતા સાથે સેવા આપવા પ્રત્યેનું તેમનું સમર્પણ રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ELECTION

તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. તમિલનાડુમાં પહેલા તબક્કાનું મતદાન અને પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાનું મતદાન 23 એપ્રિલે યોજાવાનું છે. પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું મતદાન 29 એપ્રિલે યોજાશે, તમામ મતદાન રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મતગણતરી ચોથી મેના રોજ થશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ભારપૂર્વક જણાવ્યું છે કે ચૂંટણી પંચ પશ્ચિમ બંગાળમાં મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણી યોજવામાં કોઈ કસર છોડશે નહીં. ચૂંટણી વ્યવસ્થાપન સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે વાતચીત કરતા, તેમણે કહ્યું કે ચૂંટણી ભયમુક્ત, હિંસામુક્ત અને ધાકધમકીમુક્ત રહેશે.

# AMIT SHAH-WB RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ઉત્તર બંગાળમાં અનેક રેલીઓને સંબોધિત કરી. સિલિગુડીના સુકના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે, તેમણે પ્રદેશના આઠ વિધાનસભા મતવિસ્તારોમાંથી ચૂંટણી લડી રહેલા પક્ષના ઉમેદવારોના સમર્થનમાં ભાષણ આપ્યું.

શાહે પોતાના ભાષણમાં ભારપૂર્વક જણાવ્યું કે, લાંબા સમયથી ચાલતા ગોરખા મુદ્દાને ફક્ત ભાજપ જ ઉકેલી શકે છે.

BYTE – AMIT SHAH ON GORKHA PROBLEM

રાજ્યમાં પરિવર્તનની હાકલ કરતા તેમણે કહ્યું કે આ ચૂંટણી માતાઓ અને બહેનોની સુરક્ષા માટેની લડાઈ છે. તેમણે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને સામ્યવાદીઓ પર સુભાષ ઘીસિંગ સાથે અન્યાય કરવાનો આરોપ લગાવ્યો.

શ્રી શાહે ખાતરી આપી હતી કે ચાના બગીચા બંધ થવા દેવામાં આવશે નહીં. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે દાર્જિલિંગને સુંદરવન સાથે જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ બનાવાશે, ત્યાં અલગ એઇમ્સ, કેન્સર હોસ્પિટલ, એક IIM અને ઉત્તર બંગાળમાં એક IIT બનાવવામાં આવશે, દાર્જિલિંગને ઇકો-એડવેન્ચર અને હેરિટેજ ટુરિઝમ હબ તરીકે વિકસાવવામાં આવશે, ગોરખાઓ માટે એક સ્પોર્ટ્સ યુનિવર્સિટી વિકસાવવામાં આવશે.

જ્યારે છેલ્લી ઘડીના પ્રચાર માટે તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી પણ સભા સંબોધશે.. અન્ય રાજકીય પાર્ટીઓના નેતાઓ પણ અલગ અલગ સ્થળોએ સભા યોજી રહ્યાં છે.

# WEBCASTING-TRIAL-RUN

પશ્ચિમ બંગાળમાં મતદાનના પ્રથમ તબક્કાને ધ્યાનમાં રાખીને, તમામ મતદાન મથકો પર વેબકાસ્ટિંગ સિસ્ટમની સુગમ કામગીરી સુનિશ્ચિત કરવા આજથી ટ્રાયલ રન શરૂ થઈ રહ્યો છે. આ પ્રક્રિયા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા સંકલિત કરવામાં આવશે.

આ પહેલનો હેતુ બૂથ-સ્તરીય દેખરેખને મજબૂત બનાવવા અને પારદર્શક મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો છે. ચૂંટણી પંચ દિલ્હીથી આ ટ્રાયલ રનના દરેક તબક્કાનું નિરીક્ષણ કરશે.

# DELHI CM- KEJRIWAL

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું કે દિલ્હી વડી અદાલત દ્વારા આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની અરજીને ફગાવી દેવાથી સંદેશ મળ્યો છે કે કોઈ પણ ન્યાયતંત્ર પર પ્રશ્ન ઉઠાવી શકે નહીં.

વડી અદાલતના ચુકાદાની પ્રશંસા કરતા તેમણે દાવો કર્યો કે, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ દિલ્હી દારૂ કૌભાંડમાં પૈસાની ઉચાપત કરી અને પછી ન્યાયતંત્રની પ્રામાણિકતા પર પ્રશ્ન ઉઠાવ્યો. આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે સરકારને ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ છે.

**BYTE- REKHA GUPTA**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EASTER-7 YEARS REMEMBRANCE

શ્રીલંકામાં 2019 ના ઇસ્ટર સન્ડે હુમલાના સાત વર્ષ બાદ આજે પીડિતોની યાદમાં રાષ્ટ્રવ્યાપી શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. આજે બધા ચર્ચમાં  ખાસ સ્મારક કાર્યક્રમો જેવાકે ઘંટ વગાડવું, બે મિનિટનું મૌન પાળવું, મીણબત્તી પ્રગટાવવિ  અને જીવ ગુમાવનારાઓની યાદમાં  પ્રાર્થનાનું આયોજન કરાયું છે.  કોલંબોમાં સેન્ટ એન્થોની ચર્ચમાં ખાસ પ્રાર્થના સમારોહ યોજાઈ રહ્યો છે. નેગોમ્બોમાં સેન્ટ સેબેસ્ટિયન ચર્ચમાં પણ આવા  જ કાર્યક્રમો થઈ રહ્યા છે. આજે નેગોમ્બોમાં મેરિસ સ્ટેલા કોલેજથી એક પ્રાર્થના પદયાત્રા યોજાશે જેમાં પાદરીઓ અને ભક્તો ભાગ લેશે.

શ્રીલંકામાં આજથી એક અઠવાડિયાની  પીસ વોક શરૂ થઈ રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત આ કાર્યક્રમ 28 એપ્રિલ સુધી ચાલુ રહેશે.

રાષ્ટ્રપતિ સચિવાલય, મુખ્ય મંત્રાલયો, ત્રણ સશસ્ત્ર દળો અને પોલીસ સહિત શ્રીલંકાની અનેક સંસ્થાઓ આ કાર્યક્રમને સમર્થન આપી રહી છે. રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે આશા વ્યક્ત કરી કે આ આધ્યાત્મિક પહેલ રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવામાં અને વૈશ્વિક સમુદાયને શાંતિનો ગહન સંદેશ પહોંચાડવામાં મદદ કરશે.

# RAJNATH-GERMANY VISIT

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે તેમની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાત માટે જર્મનીના મ્યુનિક પહોંચ્યા છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે શ્રી સિંહ તેમના જર્મન સમકક્ષ બોરિસ પિસ્ટોરિયસ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે જેથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત બનાવી શકાય.

બંને સંરક્ષણમંત્રીઓની ઉપસ્થિતિમાં સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપ અને યુએન પીસકીપિંગ ઓપરેશન્સ તાલીમમાં સહકાર માટે અમલીકરણ વ્યવસ્થા પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. શ્રી સિંહ મેક-ઇન-ઇન્ડિયા પહેલ હેઠળ જર્મન સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરે તેવી શક્યતા છે.

# PM- ADI SHANKARACHARYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતના મહાન આધ્યાત્મિક માર્ગદર્શકોમાંના એક આદિ શંકરાચાર્યને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આદિ શંકરાચાર્યના ગહન ઉપદેશો, વિચારો અને અદ્વૈત વેદાંતની ફિલસૂફી વિશ્વભરમાં અસંખ્ય લોકોને માર્ગદર્શન આપે છે.

તેમણે કહ્યું કે આધ્યાત્મિક વિચારને પુનર્જીવિત કરવા અને સમગ્ર દેશમાં આધ્યાત્મિક કેન્દ્રો સ્થાપિત કરવા માટે આદિ શંકરાચાર્યના પ્રયાસો કાયમી પ્રેરણા રહેશે.

# UN REPORT (TAKE SUITABLY)

સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ, ભારતનું અર્થતંત્ર આ વર્ષે 6.4 ટકા અને 2027માં 6.6 ટકાના દરે વૃદ્ધિ પામશે તેવું અનુમાન છે. સંયુક્ત રાષ્ટ્રના એશિયા અને પેસિફિક માટેના આર્થિક અને સામાજિક આયોગ - ESCAP એ ગઈકાલે જાહેર કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના અર્થતંત્રોમાં 2025માં 5.4 ટકાનો વિકાસ થયો હતો, જે 2024માં 5.2 ટકા હતો, જે મુખ્યત્વે ભારતમાં મજબૂત વૃદ્ધિને કારણે થયો હતો.

ભારતનો વિકાસ 2025માં 7.4 ટકા સુધી પહોંચ્યો હતો, જેને મજબૂત વપરાશ, ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્ર, માલ અને સેવાઓ કર દરમાં ઘટાડા અને યુનાઇટેડ સ્ટેટ્સના ટેરિફ પહેલાં નિકાસમાં વધારો દ્વારા ટેકો મળ્યો હતો.

એશિયા અને પેસિફિકના આર્થિક અને સામાજિક સર્વેક્ષણ 2026 શીર્ષકવાળા અહેવાલમાં ભારત 2026માં 6.4 ટકા અને આવતા વર્ષે 6.6 ટકાનો વિકાસ દર નોંધાવવાનો અંદાજ છે. આ વર્ષે દેશમાં ફુગાવો 4.4 ટકા અને 2027માં 4.3 ટકા રહેવાનો અંદાજ છે.

તેમાં ઇન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી –IRENA ના અંદાજોને પણ ટાંકવામાં આવ્યા છે જેમાં સૂચવવામાં આવ્યું છે કે વૈશ્વિક સ્તરે લગભગ 16.6 મિલિયન ગ્રીન જોબ્સ હતા, જેમાં 2012 અને 2024 વચ્ચે વાર્ષિક 0.8 મિલિયન રોજગાર સર્જન થયું હતું, જે વાર્ષિક 7 ટકા વૃદ્ધિ દર્શાવે છે.

# STOCKS 1200

આજે સવારથી ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી જે અત્યાર સુધી યથાવત છે. સેન્સેક્સ 600 પોઈન્ટ કરવાતં વધુ ઉછળીને 79 હજાર 150ની સપાટી પર કારોબાર કરી રહ્યો હતો. જ્યારે નિફ્ટી 160 પોઈન્ટ વધીને 24 હજાર 500 પર પહોંચ્યો હોવાના અહેવાલ છે. ક્ષેત્રીય મોરચે, રિયલ્ટી, બેંકિંગ અને ટેલિકોમ્યુનિકેશન શેરોમાં લેવાલી જોવા મળી હતી.

# PIB FACT CHECK- MUDRA

સરકારે પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ 860 રૂપિયાની કોન્ટ્રેક્ટ ફી પર 7 લાખ રૂપિયાની લોન આપવાનો દાવો કરતા નકલી મંજૂરી પત્રનું ખંડન કર્યું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો -PIBના તથ્ય તપાસ એકમે આ પત્રને નકલી જાહેર કર્યો છે.

PIBએ સ્પષ્ટતા કરી છે કે મુદ્રા સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો અથવા વ્યક્તિઓને સીધી લોન આપતી નથી પરંતુ નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપનીઓ, નાની નાણાકીય સંસ્થાઓ, સોસાયટીઓ, ટ્રસ્ટ, સેક્શન 8 કંપનીઓ, નાની ફાઇનાન્સ બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોને પુનર્ધિરાણ સહાય પૂરી પાડે છે. જેઓ બદલામાં ઉત્પાદન, વેપાર, સેવાઓ અને કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા સૂક્ષ્મ અને નાના વ્યવસાયોને લોન આપે છે.

# IPL

IPL ક્રિકેટમાં, આજે સનરાઇઝર્સ હૈદરાબાદનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે. આ મેચ આજે સાંજે સાડા સાત વાગ્યે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરાષ્ટ્રીય  સ્ટેડિયમ ખાતે રમાશે.

દરમિયાન ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને 99 રનથી પરાજય આપ્યો હતો.